મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યાનિ-સત્ત્વગુણાધિક-
ક્લિશ્યમાનાઽવિનયેષુ ૭-૬

મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યાનિ-સત્ત્વ-ગુણ-અધિક
-ક્લિશ્યમાન-અવિનયેષુ ૭-૬

સૂત્રાર્થ: સર્વ જીવો સાથે મૈત્રીભાવ, ગુણે કરી અધિક પ્રત્યે પ્રમોદભાવ, દુઃખે કરી પીડિત જીવો પ્રત્યે કરુણાભાવ અને અવિનીત (જડ) જીવો પ્રત્યે માધ્યસ્થ (ઉપેક્ષા) ભાવ રાખવો જોઈએ.

ભાવાર્થ: આ ચાર ભાવનાઓ છે. સમ્યગ્દષ્ટિ જીવોમાં જ આવી ભાવનાઓ આવે છે. આ ભાવનાઓ કષાયોને મંદ કરે છે, કર્મની નિર્જરા કરે છે. મંદ એટલે જે અલ્પ પ્રશસ્ત કષાયો રહ્યા છે તેનાથી પુણ્યનો આશ્રવ થાય છે.

(૧) મૈત્રી ભાવના: કોઈ પણ જાતના સ્વાર્થ વિના અને કોઈ પણ જાતના ભેદભાવ વિના, જગતના સર્વ જીવો ઉપર પ્રીતિ એ મૈત્રી છે. સાચા મિત્રના હૃદયમાં પોતાના મિત્રને દુઃખ આપવાની, ખોટું બોલીને તેને ઠગવાની, ખોટી રીતે તેનું ધન પડાવી લેવાની ભાવના ન હોય. મૈત્રી એટલે મિત્રતા કરવી તે મૈત્રી ભાવના એવો અર્થ ન કરવો. પરંતુ શત્રુતા ન કરવી કે શત્રુતા ન રાખવી તે મૈત્રી એવો નિષેધાત્મક અર્થ કરવો. મહાત્માને જેમ દ્વેષ છોડવા જેવો છે તેમ રાગ પણ છોડવા જેવો છે. માટે જ વંદિત્તા સૂત્રમાં "મિત્તિ મે સવ્વભૂએસુ" નો અર્થ "વેરં મજ્ઝં ન કેણઈ" કર્યો છે.

(૨) પ્રમોદભાવના: પ્રમોદ એટલે માનસિક હર્ષ, આનંદ.
ગુણાધિક એટલે જેમનામાં સામાન્યથી કંઈક વિશેષ ગુણ છે તેવા અને સમ્યગ્ અપેક્ષાએ જોઈએ તો પોતાનાથી અધિકતર ગુણવાળા જીવો.

સમ્યક્ત્વ- જ્ઞાન- ચારિત્ર - તપ - વૈયાવચ્ચ આદિથી અધિક મહાન ગુણવાન આત્માઓને વંદન, ગુણપ્રશંસા, વૈયાવચ્ચ કરવાથી પ્રમોદ અર્થાત્ માનસિક હર્ષ થાય છે. જો ગુણથી અધિક આત્માને જોઈને કે સાંભળીને આનંદ ન થાય તેથી વંદન કરવાનું કે બહુમાન કરવાનું મન ન થાય તો સમજવું કે હજુ પ્રમોદભાવના આવી નથી.
પ્રમોદભાવના ના અભાવે બીજાના ગુણોના દર્શનથી કે શ્રવણથી ઈર્ષ્યાનો અગ્નિ હૃદયમાં ભભૂકે છે. પરિણામે હિંસા, જૂઠ આદિ પાપો પણ ઉત્પન્ન થવાની શક્યતા છે. પ્રમોદભાવના આત્મામાં રહેલા ગુણોને પ્રગટાવવાનો સુંદર ઉપાય છે. આત્મામાં ગુણો ઓછા હોય તો ચાલી શકે, પણ પ્રમોદ ભાવના વિના ન ચાલી શકે. પ્રમોદભાવના વિના પોતાનામાં રહેલા ગુણોની પણ કોઈ કિંમત નથી.

(૩) કરુણા ભાવના: કરુણા, દયા, અનુકંપા, કૃપા, અનુગ્રહ વગેરે પર્યાયવાચી શબ્દો છે. કરુણા બે પ્રકારની છે. દ્રવ્ય કરુણા અને ભાવ કરુણા.

દ્રવ્ય કરુણા: રોગ વગેરે બાહ્ય દુઃખોથી ઘેરાયેલા જીવોને જોઈને ઉત્પન્ન થતી કરુણા દ્રવ્ય કરુણા છે.

**ભાવ કરુણા:** અજ્ઞાનના આદિ અભ્યંતર દુ:ખોથી ઘેરાયેલા જીવોને જોઈને ઉત્પન્ન થતી કરુણા ભાવ કરુણા છે.
દ્રવ્ય કરુણાને યોગ્ય જીવોને ઔષધ, અન્ન વગેરે આપીને તેના દુ:ખને દૂર કરવાની ભાવના રાખવી.
ભાવ કરુણાને યોગ્ય જીવોને ધર્મ તત્ત્વ બતાવવા, સ્થિર કરવા અને મોક્ષ માર્ગનો ઉપદેશ આપી ભવરોગ શમાવવાની ભાવના રાખવી.
આ રીતે બંને પ્રકારે હૃદયમાં કરુણા ભાવના ભાવવાથી કોઈને દુ:ખી કરવાની, જૂઠ બોલીને છેતરવાની, ચોરી કરવાની, પૌદ્ગલિક સુખ કે જે વાસ્તવિક રીતે દુ:ખ છે તેવા મૈથુનમાં પ્રવર્તવાની અને પરિગ્રહ રાખી પર વસ્તુ ઉપર મૂર્છા કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ આપોઆપ દૂર થઈ જાય છે.

**માધ્યસ્થ ભાવના:** માધ્યસ્થ, ઉપેક્ષા, સમભાવ વગેરે શબ્દો પર્યાયવાચી છે અર્થાત્ તેમનો અર્થ એક છે. ઉપદેશને અયોગ્ય જીવો પ્રત્યે સમભાવ રાખી તેને સુધારવા માટે ઉપદેશ આપવાનો ત્યાગ કરવો એ માધ્યસ્થ ભાવના છે. જો આવા જીવો પ્રત્યે માધ્યસ્થભાવ ન રાખવામાં આવે તો એ જીવો પ્રત્યે દ્વેષ જાગે અને આગળ વધતા પરસ્પર કલેશ અને વૈમનસ્ય (વેર વૃત્તિ) ઉત્પન્ન થવાની સંભાવના રહે છે. આથી આવા જીવો પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખવો. અન્યથા બંનેને આધ્યાત્મિક અને વ્યાવહારિક નુકસાન થવાનો સંભવ છે.

આ પ્રમાણે મૈત્ર્યાદિ ચાર ભાવના ભાવવાથી અહિંસા વગેરે પાંચે વ્રતોની સ્થિરતા આવે છે, અને દ્રઢતા આવે છે. આમ આ ચાર ભાવનાઓ ગ્રહણ કરેલા વ્રતોને ટકાવવાના શ્રેષ્ઠ ઉપાયો છે.

જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્ ૭-૭

જગત્ કાય સ્વભાવૌ ચ સંવેગ વૈરાગ્ય અર્થમ્ ૭-૭

સૂત્રાર્થ: સંવેગ અને વૈરાગ્યની પુષ્ટિ માટે સંસાર અને કાયાનું સ્વરૂપ વિચારવું.

ભાવાર્થ: આત્માના સ્વાધીન એવા અનંત સુખની પ્રાપ્તિ તે મોક્ષ. મોક્ષની અભિલાષા તે સંવેગ.
સંસારિક પાંચ ઈન્દ્રિયોના વિષયસુખો ઉપરના રાગનો અને વિષયસુખોમાં વિઘ્નકર્તા ઉપર દ્વેષનો જે ત્યાગ તે વૈરાગ્ય.

સંવેગ અને વૈરાગ્ય ન હોય તો અહિંસાદિ વ્રતો સંભવી જ ન શકે તેથી વ્રતધારીઓ (વ્રતીઓ) માટે સંવેગ અને વૈરાગ્ય આવશ્યક છે. આ સંવેગ અને વૈરાગ્યના બીજ જગત્સ્વભાવ અને શરીર સ્વભાવના ચિંતનમાંથી બંધાય છે. તેથી સંવેગ ગુણ અને વૈરાગ્ય ગુણની પ્રાપ્તિ માટે (૧) જગતનો સ્વભાવ અને (૨) કાયાનું સ્વરૂપ પ્રતિદિન વિચારવું.

સંસારનું સ્વરૂપ (જગત્ સ્વભાવ):

આ સંસાર દુઃખસ્વરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે. આ જગત જીવ અને અજીવ દ્રવ્યોથી ભરેલું છે. ચૈતન્યયુક્ત દ્રવ્ય તે જીવ અને ચૈતન્યરહિત દ્રવ્ય તે અજીવ. જીવને અજીવ સાથેના સંબંધથી સુખ દુઃખના ભાવો થાય છે. ઈષ્ટવસ્તુના સંયોગથી હર્ષ અને ઈષ્ટવસ્તુના વિયોગથી શોક થાય છે. તે રીતે અનિષ્ટ વસ્તુના સંયોગથી શોક અને અનિષ્ટ વસ્તુના વિયોગથી હર્ષ થાય છે. તેનાથી બાંધેલા કર્મો દ્વારા આ જીવ દુઃખી-સુખી થાય છે. જ્યાં હર્ષનો પ્રસંગ હોય છે ત્યાં અમંગળ પણ થાય છે. કુટુંબોમાં, સમાજમાં કલેશ, કંકાસ, કડવાશ અને મારામારી પણ થાય છે. સંસારના ભૌતિક સુખના સાધનો અનિત્ય છે. આ સંસાર જ આવા સ્વભાવવાળો છે તેથી તેમાં રાચવા-માણવા જેવું કંઈ જ નથી.

કાયાનું સ્વરૂપ:

દરેક જીવને સામાન્યથી અન્ય પદાર્થોની અપેક્ષાએ કાયા ઉપર અધિક આસક્તિ હોય છે, અન્ય પદાર્થો ઉપરથી આસક્તિ દૂર થયા પછી પણ કાયા ઉપરની આસક્તિ દૂર થવી ઘણી કઠિન છે, કાયા ઉપર આસક્તિભાવ ન થાય અને થયો હોય તો દૂર થાય તે માટે સાધકે સંસારના સ્વરૂપની વિચારણા સાથે કાયાના સ્વરૂપની પણ વિચારણા કરવી જોઈએ. આપણને પ્રાપ્ત થયેલું શરીર બહારથી સુંદર ચામડીથી મઢેલું હોય પણ અંદરથી તો રુધિર-ચરબી-હાડકા-માંસ વગેરે અનેક અપવિત્ર પદાર્થોથી ભરેલું છે.

શરીરના દરેક છિદ્રો દ્વારા અપવિત્ર પદાર્થો જ બહાર આવે છે. મૃત્યુ પામ્યા પછી ટૂંકા ગાળામાં જ શરીર જીવાતવાળું અને દુર્ગંધવાળું બની જાય છે. આવી શરીરની સ્થિતિ છે.

આદિ મહાવ્રતોના પાલન માટે કાયાના સ્વરૂપનું ચિંતન આવશ્યક છે.

મહાવ્રતોના પાલન માટે પાંચ પાપોનું જ્ઞાન અનિવાર્ય છે. હવે દરેક પાપની વ્યાખ્યા સમજીએ.

પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા ૭-૮

પ્રમત્તયોગાત્ પ્રાણ-વ્યપરોપણં હિંસા ૭-૮

સૂત્રાર્થ: પ્રમાદના યોગથી પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા છે.

ભાવાર્થ: હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ દોષો (પાપો) ની એક પછી એક વિસ્તારથી સમજણ અને વ્યાખ્યા સૂત્રકાર મહર્ષિ આપે છે.

હિંસાની વ્યાખ્યામાં બે શબ્દો બહુ મહત્વના છે.

(૧) પ્રમત્તયોગાત્ અર્થાત પ્રમાદથી થતી પ્રવૃત્તિ

(૨) પ્રાણવ્યપરોપણં અર્થાત પ્રાણોનો નાશ

પ્રથમ શબ્દ કારણરૂપ છે અને બીજો શબ્દ કાર્યરૂપ છે.

પ્રશ્ન પ્રમાદ એટલે શું તે વિસ્તારથી સમજાવો.

સમાધાન: આત્મદશાનું ભાન જેમાં ભૂલી જવાય તે પ્રમાદ. અર્થાત્ શુદ્ધ ઉપયોગ ગફલતમાં રહેવી, બેદરકારી, અસાવધાની, ઉપેક્ષાવૃત્તિ ને પ્રમાદ કહેવાય છે.

પ્રશ્ન: પ્રમાદ ના કેટલા પ્રકાર છે?

સમાધાન: ૧૫ પ્રકારના પ્રમાદો છે.

૪ વિકથા: સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, દેશકથા
૫ ઇન્દ્રિયોના વિષયો
૪ કષાયો: ક્રોધ, માન, માયા, લોભ
૧ નિંદ્રા
૧ રાગ-દ્વેષ

પ્રશ્ન: પ્રાણવ્યપરોપણ નો અર્થ વિસ્તારથી સમજાવો

સમાધાન: પ્રાણવ્યપરોપણ એટલે પ્રાણોનો વિયોગ કરવો.
પ્રાણો ૧૦ પ્રકારના છે.

૫ ઇન્દ્રિયો
૩ બળ: મનબળ, વચનબળ અને કાયબળ
૧ શ્વાસોશ્વાસ
૧ આયુષ્ય

આ દશ પ્રાણો દ્રવ્યપ્રાણો કહેવાય છે. સંસારી જીવનું જીવન છે.

પોતાના કે પરના પ્રાણોનો વિયોગ કરે તો દ્રવ્ય હિંસા કહેવાય છે અને જ્ઞાનાદિ પ્રાણોનો વિયોગ કરે તે ભાવ હિંસા કહેવાય છે. પોતાના દ્રવ્યપ્રાણોનો વિયોગ કરે અથવા ન કરે પરંતુ પોતાના ભાવપ્રાણોનો જે વિયોગ કરે છે તેને જ હિંસા કહેવાય છે.

<u>પ્રશ્ન</u>: દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા વિસ્તારથી સમજાવો.

<u>સમાધાન</u>: દાખલા તરીકે કોઈ શિકારી મારવાના આશયથી વૃક્ષ ઉપર બેઠેલા પક્ષીને બાણથી પાડવાનો પ્રયત્ન કરે છે પણ પક્ષી ઉડી જાય છે. પક્ષી બચી ગયું છતાં મારવાનો ભાવ હોવાથી શિકારીને દોષ લાગે છે. દ્રવ્ય હિંસા નહિ પણ ભાવ હિંસા થઈ કહેવાય.

હવે બીજું ઉદાહરણ લઈએ.

દાખલા તરીકે કોઈ મુનિ ઈર્યા સમિતિ સાચવીને જયણા પૂર્વક વિહાર કરે છે. છતાં કોઈ સૂક્ષ્મ જીવ પગ નીચે આવી જાય છે અને મૃત્યુ પામે છે અથવા દુઃખ પામે છે તો પણ મુનિ હિંસક ગણાતા નથી. અહીં દ્રવ્ય હિંસા છે પણ ભાવ હિંસા નથી.

તંદુલીયો મત્સ્ય હિંસાના પરિણામ રૂપ ભાવહિંસાથી નરકમાં જાય છે. દ્રવ્ય હિંસા લૌકિક છે જ્યારે ભાવ હિંસા લોકોત્તર છે.

જ્યાં જ્યાં ભાવ હિંસા હોય છે ત્યાં ત્યાં દ્રવ્ય હિંસા હોય તો પણ અને દ્રવ્ય હિંસા ન હોય તો પણ જીવ વિભાવ દશામાં ગયો એટલે હિંસક કહેવાય છે. વળી ઉલટું જ્યાં ભાવ હિંસા નથી ત્યાં ઉપયોગપૂર્વક જયણાયુક્ત પ્રવૃત્તિ હોવાથી દ્રવ્યહિંસા પ્રાયઃ થતી નથી અને કદાચ થાય તો પણ અલ્પમાત્રાએ જ થાય છે. જેનું નિંદા-ગર્હા અને આલોચના વગેરે પ્રાયશ્ચિત્ત થી શુદ્ધિકરણ થાય છે.

<u>પ્રશ્ન:</u> સૂત્રમાં પ્રાણના વિયોગને હિંસા કહી છે પણ આ પ્રાણો આત્માથી જુદા છે. પ્રાણોના વિયોગથી આત્માનો વિનાશ થતો નથી. તો પછી પ્રાણોના વિયોગને દોષ-પાપ કે અધર્મરૂપ શા માટે કહ્યા?

<u>સમાધાન:</u> જરાક સમજવા પ્રયત્ન કરો. પ્રાણના વિયોગથી આત્માનો નાશ થતો નથી પણ દુઃખ અવશ્ય થાય છે. દુઃખની અનુભૂતિને કારણે જ પ્રાણ વિયોગને અધર્મ-પાપ કે દોષરૂપ ગણેલ છે, અન્યને દુઃખ આપવું એ પણ અધર્મ અર્થાત્ હિંસા છે.

<u>પ્રશ્ન:</u> નિશ્ચય હિંસા અને વ્યવહાર હિંસા કોને કહેવાય?

<u>સમાધાન:</u> જીવને દુઃખ આપવું એ નિશ્ચય હિંસા છે અને પ્રાણ વિયોગ એ વ્યવહાર હિંસા છે. વ્યવહાર હિંસા એ નિશ્ચય હિંસાનું કારણ છે; માટે તેનાથી પાપ લાગે છે. નિશ્ચય હિંસા એ જ ભાવ હિંસા અને વ્યવહાર હિંસા એ દ્રવ્ય હિંસા.

આત્માના ગુણોનો ઘાત એ ભાવ હિંસા છે. પોતાના આત્માના ગુણોનો ઘાત એ સ્વ-ભાવ હિંસા છે અને પર ના આત્માના ગુણોના ઘાતમાં નિમિત્ત બનવું એ પરભાવ હિંસા છે. અર્થાત્ પોતે રાગ-દ્વેષ કરવા એ સ્વ-ભાવહિંસા છે અને બીજાના રાગ-દ્વેષ થવામાં નિમિત્ત બનવું એ પર-ભાવ હિંસા છે.

દ્રવ્ય હિંસા ૧૩ મા ગુણસ્થાનક સુધી હોય છે. ૧૪ મા ગુણસ્થાને રહેલા જીવો તથા સિદ્ધના જીવો દ્રવ્ય+ભાવ હિંસાથી રહિત છે.

અસદભિધાનમનૃતમ ૭-૯

અસદ્ અભિધાનં અનૃતમ્ ૭-૯

સૂત્રાર્થ: પ્રમાદથી અસત્ (અયથાર્થ) બોલવું તે અસત્ય અથવા અનૃત.

ભાવાર્થ: જે વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેનાથી અન્યથા એટલે કે વિપરીત બોલવું તે અનૃત અથવા અસત્ય કહેવાય છે. આ વ્યવહારથી અસત્ય જાણવું. અહીં પણ પ્રમત્તયોગાત્ શબ્દની અનુવૃત્તિ ઉપરના સૂત્રથી આવવી. આવા પ્રકારના મિથ્યાવચનો બોલવામાં કારણભૂત જે પ્રમાદયોગ છે તે નિશ્ચયથી અસત્ય છે. ભયના માર્યા ઉચિત વચન જુઠ બોલી ન શકીએ પરંતુ હૈયામાં સતત જુઠ બોલવાનો જ ભાવ હોય તો તે નિશ્ચય અનૃત કહેવાય છે. તેનાથી કર્મબંધ થયા જ કરે છે તથા અન્ય જીવને પીડા થાય છે. દૃષ્ટાંતમાં એકદમ ચોર પરોણો તેવું બોલવું પણ અનૃત કહેવાય છે. આવું વચન કદાચ સત્ય હોય તો પણ હિંસાનો હેતુ બનતો હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અનૃત કહેવાય છે.

પરને દુઃખદાયી વચન, પ્રાણઘાતક વચન, વસ્તુ-સ્વરૂપથી અન્યથા વચન, અસ્થાને બોલાતું વચન આ બધા અનૃતો છે.

અસત્ય ચાર પ્રકારે છે:

(૧) ભૂતનિહ્નવ (૨) અભૂતોદ્ભાવન

(૩) અર્થાંતર અને (૪) ગર્હા.

(૧) ભૂતનિહ્નવ: ભૂત એટલે બનેલ. નિહ્નવ એટલે છૂપાવવું અથવા નિષેધ કરવો. અથવા બની ગયેલ વસ્તુસ્થિતિનો અપલાપ કરવો. જેમકે આત્મા કોઈ સ્વતંત્ર પદાર્થ નથી અથવા પરલોક જેવું કંઈ નથી. પુણ્ય-પાપ જેવું કંઈ નથી.

(૨) અભૂતોદ્ભાવન: અભૂત એટલે નહીં બનેલું. ઉદ્ભાવન એટલે ઉત્પન્ન કરવું.
આત્મા ચોખા જેટલો નાનો છે અથવા આત્માને અમુક વર્ણનો દેખાડવો, આત્માને નિષ્ક્રીય કહેવો વગેરે જેવા વચનો અસત્ય વચન છે કેમકે આ વચનો દ્વારા આત્માનું જે વાસ્તવિક સ્વરૂપ નથી તેનો ઉલ્લેખ કરાયો છે.

(૩) અર્થાન્તર: એટલે ફેરફાર કરીને બોલવું.
જે વસ્તુ જે સ્વરૂપે હોય તે સ્વરૂપથી ભિન્ન સ્વરૂપે ફેરફાર કરીને કહેવી. કોઈને ૫૦૦ ડોલર આપ્યા હોય તો મેં ૧,૫૦૦ આપેલા છે તેમ કહેવું. અથવા નાસ્તિ વસ્તુને અસ્તિ અને અસ્તિ વસ્તુને નાસ્તિ કહેવી.

(૪) નિંદા અથવા ગર્હા:-
સત્ય બોલવા છતાં હિંસક કઠોરતા યુક્ત વચન બોલવું જેમકે "મરી જા", "નાલાયક", આંખ ન હોય તો "આંધળો" કહેવો. આ જેવા વચન અસત્ય ન હોવા છતાં અસત્ય જ ગણાય છે.

વિશેષ: જે વચન હિંસાનું કારણ બને તે સત્ય હોય તો પણ અસત્ય.

પાંચ વ્રતોમાં મુખ્ય વ્રત અહિંસા છે. બીજા તેના રક્ષણ માટે છે. એટલે અહિંસાદિ વ્રતોનું બાહ્ય દ્રષ્ટિએ પાલન થવા છતાં જો તેમાંથી અહિંસા વ્રતનું પાલન ન થતું હોય તો તે વ્રત વાસ્તવિક રીતે વ્રત ગણાતા નથી. તેથી બાહ્ય દ્રષ્ટિએ સત્ય વચન હોય તો પણ જો તેના વડે હિંસા થાય તો તે વચન અસત્ય છે.

અદત્તાદાનં સ્તેયમ્ 7-10

અદત્ત આદાનં સ્તેયમ્ 7-10

સૂત્રાર્થ: પ્રમાદથી ~~[illegible]~~ની નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરવી તે ચોરી છે.

ભાવાર્થ: આ સૂત્રમાં પણ પ્રમત્તયોગાત્ પદની અનુવૃત્તિ લીધી છે.

અદત્ત એટલે નહિ આપેલ અને આદાન એટલે ગ્રહણ કરવું. જે વસ્તુ આપણી માલિકીની નહિ પરંતુ પરની માલિકીની છે તે વસ્તુનું માલિકની રજા વિના ગ્રહણ કરવું તે વ્યવહારથી ચોરી છે. તક ન મળવાથી વસ્તુ ગ્રહણ ન કરીએ પણ વસ્તુ ગ્રહણ કરવાના પરિણામ સતત ચાલુ હોય તે નિશ્ચયથી ચોરી છે.

અદત્ત ના ચાર ભેદ છે.

(૧) **સ્વામી અદત્ત:** માલિકની રજા વિના વસ્તુ લેવી પછી ભલે ને સામાન્ય વસ્તુ હોય.

(૨) **જીવ અદત્ત:** માલિકે રજા આપી હોય તો પણ જો વસ્તુ સચિત્ત અર્થાત્ જીવયુક્ત હોય તો ગ્રહણ કરી ન શકાય. તે વસ્તુનો માલિક તેમાં રહેલો જીવ છે.

(૩) **તીર્થંકર અદત્ત:** માલિકની રજા હોય અને વસ્તુ અચિત્ત હોય પરંતુ તીર્થંકર પરમાત્મા અર્થાત્ શાસ્ત્રની આજ્ઞા ન હોય તો તે વસ્તુ ગ્રહણ કરવામાં તીર્થંકર અદત્તનો દોષ લાગે.
જેમ કે સાધુના જ નિમિત્તે તૈયાર કરેલો આહાર નિષ્કારણ પણે પણ સાધુએ લેવો તે તીર્થંકર અદત્ત કહેવાય.

(૪) **ગુરુ અદત્ત:** હંમેશા ગુરુની અનુજ્ઞાપૂર્વક જ નિર્દોષ આહાર-પાણી આદિ ગ્રહણ કરવા જોઈએ.
(૧) દાતા એ ભક્તિથી આપેલ છે માટે સ્વામી અદત્ત નહીં
(૨) વસ્તુ અચિત્ત વહોરાવેલ છે. માટે જીવ અદત્ત નહીં
(૩) આહાર-પાણી નિર્દોષ છે માટે તીર્થંકર અદત્ત પણ નહીં
પરંતુ જો ગુરુની અનુજ્ઞા ન લીધી હોય અથવા ગુરુની મનાઈ છતાં પણ ગ્રહણ કરે તો ગુરુ અદત્તનો દોષ લાગે.

ગામમાં, નગરમાં, કે પોળમાં કે એક રસ્તા ઉપરથી બીજા રસ્તા ઉપર પ્રવેશ કરતા મુનિ મહાત્માઓ સંમતિ લીધા વગર, પ્રવેશ, નિર્ગમન અને વિહાર કરી શકે છે છતાં અદત્તાદાનનો દોષ લાગતો નથી કારણ કે તેમ કરવામાં પ્રમાદયોગ નથી.

મૈથુનમબ્રહ્મ ૭-૧૧

મૈથુનં અબ્રહ્મ ૭-૧૧

**સૂત્રાર્થ:** મૈથુન એ અબ્રહ્મ છે.

**ભાવાર્થ:** મિથુન શબ્દ ઉપરથી મૈથુન શબ્દ બન્યો છે.

- મિથુન શબ્દથી સામાન્ય રીતે સ્ત્રી-પુરુષ યુગલ કહેવાય છે.
- કામરાગના આવેશથી આવા જોડલાએ કરેલી મન-વચન-કે કાયાની કોઈપણ પ્રવૃત્તિ તે મૈથુન કહેવાય છે.
- ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સ્ત્રી પુરુષનું પરસ્પર શરીર સંમેલન કરવાથી સુખ પ્રાપ્તિની ઇચ્છાથી થનાર રાગ પરિણામ તે મૈથુન છે.
- મિથુન શબ્દ દ્વારા વેદોદય જન્ય કામચેષ્ટા એવો અર્થ કરવાનું કારણ એ છે કે પુરુષ-સ્ત્રીના યુગલ ઉપરાંત પુરુષ-પુરુષના કે સ્ત્રી-સ્ત્રીના સંબંધો, પુરુષની સ્વહસ્તાદિના સંયોગો થકી ચેષ્ટા કે સ્ત્રીના સ્વહસ્તાદિના સ્વકાય ચેષ્ટા એ સર્વે કામચેષ્ટા એક પ્રકારે મૈથુન પ્રવૃત્તિ જ કહી છે.
- જેના પાલનથી આધ્યાત્મિક ગુણોની વૃદ્ધિ થાય તે બ્રહ્મ. જેના સેવનથી આધ્યાત્મિક ગુણોનો નાશ થાય તે અબ્રહ્મ. બ્રહ્મચર્યના પાલનથી આધ્યાત્મિક દૃષ્ટિએ તો લાભ છે જ. વ્યવહારમાં લૌકિક દૃષ્ટિએ પણ ઘણો લાભ છે. બ્રહ્મચર્યથી વીર્યરક્ષા, શરીરબળ, રોગનો અભાવ, કાંતિ, ઉત્સાહ વગેરે અનેક લાભો થાય છે.

## મૂર્છા પરિગ્રહઃ ૭-૧૨

સૂત્રાર્થ: જડ કે ચેતન વસ્તુ ઉપર મૂર્છા (આસક્તિ કે મમત્વ બુદ્ધિ) પરિગ્રહ છે.

ભાવાર્થ: સામાન્યરીતે પરિગ્રહનો અર્થ સ્વીકાર થાય છે, પરંતુ અહીં માત્ર સ્વીકાર એવો અર્થ નહિ, પરંતુ જેનાથી આત્મા આસક્તિ, મોહ કે મૂર્છાથી સંસ્કારમાં જકડાય તે પરિગ્રહ છે.

— વસ્તુનો સ્વીકાર કરવા છતાં, જો વસ્તુ વિષે આસક્તિ ન હોય તો વસ્તુનો સ્વીકાર પરિગ્રહ બનતો નથી.

— આથી ઉલટું વસ્તુનો સ્વીકાર ન કરવા છતાં જો તેમાં આસક્તિ હોય તો તે પરિગ્રહ છે. જો એમ ન હોય તો ભિખારીને પણ નિષ્પરિગ્રહી અર્થાત્ પરિગ્રહ રહિત કહેવો જોઈએ.

— અહિંસા વગેરે મહાવ્રતોના સાધક આત્માને દુનિયાના કોઈપણ પદાર્થ ઉપર આસક્તિ કે મમત્વ ભાવ ન હોવા છતાં મહાવ્રતોના પાલન માટે અમુક વસ્તુઓનો સ્વીકાર કરવો પડે છે. આથી સાધક આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે ઈચ્છા ન હોવા છતાં માત્ર શરીરના નિર્વાહ માટે ગ્રહણ કરે છે. તેમાં આસક્તિ ન હોવાથી તે સ્વીકાર પરિગ્રહની કોટીમાં આવી શકતો નથી. આથી જ તીર્થંકર પ્રભુએ સાધુઓનો શરીરના નિર્વાહ માટે જરૂરી વસ્ત્ર આદિ સ્વીકારવાની અનુજ્ઞા આપી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જે સદ્ગુણો છે તેને મારા માનવા અને તેની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવા તે પરિગ્રહ કહેવાતો નથી.

નિ:શલ્યો વ્રતી — 7-13 // નિ: શલ્યઃ વ્રતી — 7-13

સૂત્રાર્થ: (માયા વગેરે) શલ્ય વિનાનો વ્રતધારી આત્મા વ્રતી કહેવાય છે.

ભાવાર્થ: શરીરમાં લાગેલો કાંટો એ શરીરને અને મનને પીડા (દુઃખ) કરે છે માટે તેને શલ્ય કહેવાય છે. તે જ રીતે કાંટાની માફક જે દુઃખ આપે, સ્વ સ્વભાવથી ચલિત કરે તેને પણ શલ્ય કહેવાય છે. આ શલ્ય ત્રણ પ્રકારના છે.

(1) માયા શલ્ય: માયા એટલે કપટ, ઠગવાની વૃત્તિ. જેમ કે જ્યારે અતિચાર સેવવા છતાં કપટથી ગુરુની સમક્ષ આલોચના ન કરે, કરે તો ખોટી રીતે કરે, કપટથી બીજાની ઉપર પોતાના દોષો લગાવે ત્યારે માયા દ્વારા અશુભ કર્મો બાંધીને પોતાના આત્માને દુઃખી કરે છે. દા.ત. લક્ષ્મણા સાધ્વીજીએ માયા કરી સંસાર વધાર્યો.

(2) નિયાણા શલ્ય: ભોગોની વાંછા, ભોગોની લાલસા તે નિયાણું. વ્રત સાધનાના ફળ રૂપે આલોક અને પરલોકના સુખોની વાંછા રાખવી.

(3) મિથ્યાત્વ શલ્ય: તાત્ત્વિક પદાર્થો ઉપર અશ્રદ્ધા તે મિથ્યાત્વ. વિપરીત દર્શન અથવા ખોટી માન્યતા દ્વારા પણ કર્મબંધ કરીને આત્મા દુઃખી થાય છે; માટે તેને શલ્ય કહ્યું છે.

વ્રતો ધારણ કરવા છતાં જો આ શલ્યો આત્મામાં વર્તે તો તે વ્રતો ધર્મરૂપ ફળદાયક થતા નથી, તેથી તેવા વ્રતવાળાને વાસ્તવિક વ્રતી કહેવાતો નથી. વ્રતો તો મિથ્યાદ્રષ્ટિ પણ ધારણ કરે છે પણ તેમાં ફળ મળતું નથી, માટે જ સૂત્રકાર મહર્ષિએ નિ:શલ્ય શબ્દ ઉમેરીને વ્રતીની વ્યાખ્યા આપી.

**પ્રશ્ન:** ક્રોધાદિ કષાયો આત્માને અસ્વસ્થ બનાવે છે, આત્માની પ્રગતિને રોકે છે માટે શલ્ય રૂપ જ છે તો પછી માયાને જ શલ્ય કેમ કહ્યો છે ?

**સમાધાન:** શલ્યની વ્યાખ્યા માયામાં પૂર્ણરૂપે લાગુ પડે છે. જ્યારે ક્રોધ આદિમાં સંપૂર્ણ લાગુ પડતી નથી. જે દોષ ગુપ્ત રહીને વિકારો પેદા કરે તે શલ્ય. માયા ગુપ્ત રહીને આત્મામાં વિકારો પેદા કરે છે. ક્રોધાદિ પણ ગુપ્ત રહી શકે છે છતાં માયાની તુલનાએ તેનું અલ્પપણું છે, જ્યારે માયા ગુપ્તપણે, વિશેષ કરીને, આપોઆપ વિકાર પેદા કરે છે.

अगार्यनगारश्च ૭-૧૪

અગારી અનગાર: ચ ૭-૧૪

**સૂત્રાર્થ:** વ્રતીના અગારી અને અણગાર એમ બે ભેદ છે.

**ભાવાર્થ:** સૂત્રકાર મહર્ષિએ પૂર્વ સૂત્રમાં વ્રતી કોને કહેવાય તે જણાવ્યું. આ સૂત્રમાં સ્પષ્ટતા કરે છે કે વ્રત ગ્રહણ કરનાર દરેક જીવોની યોગ્યતા એક સમાન હોતી નથી તેથી તેના બે વિભાગ કરવામાં આવ્યા છે. (૧) અગારી-વ્રતી અને (૨) અણગારી વ્રતી.

સંસ્કૃત ભાષામાં "અગાર" એટલે "ઘર" અર્થ થાય છે, अगारमस्ति यस्य सः अगारी અર્થાત્ ઘર છે જેને તે અગારી.

नास्ति अगारं यस्य सः अनगारः અર્થાત્ જેને ઘર નથી તેઓ અણગાર કહેવાય છે.

ઘરના ત્યાગી, સંસારના ત્યાગી એવા સાધુ સાધ્વીજીઓને અણગાર કહેવાય છે. (સંસ્કૃતમાં અનગાર શબ્દ છે પરંતુ પ્રાકૃતમાં ન નો ણ થવાથી ગુજરાતી ભાષામાં અણગાર શબ્દ પ્રચલિત છે.)

પ્રશ્ન: અગારી અને અણગાર બન્નેને વ્રતી કેમ કહ્યા?

સમાધાન: જે રીતે નાના ઘરના એક ખૂણામાં કે શહેરના કે નગરના એક ભવ્ય મકાનમાં રહેવાવાળો — બંનેને વ્યવહારમાં શહેરવાસી કે નગરવાસી કહેવાય છે. એ જ રીતે વ્રતોને સર્વથા ધારણ કરનારો અથવા એક અંશનો (દેશ ને) ધારણ કરનારો બંનેને વ્રતી કહ્યા છે.

પ્રશ્ન: અણુવ્રતધારી અને મહાવ્રતધારી બંને વ્રતી જ છે તો તેમાં ભેદ શો?

સમાધાન:

(૧) અગારી વ્રતી અણુવ્રત ધારણ કરે છે જ્યારે અણગાર મહાવ્રતને ધારણ કરે છે.

(૨) અગારી વ્રતીને છ કોટી પચ્ચખાણ છે જ્યારે અણગાર વ્રતીને નવ કોટી પચ્ચખાણ હોય છે.

(૩) અગારી વ્રતીને હિંસાદિ પાંચ દોષોમાં અનુમોદનાનો ત્યાગ હોતો નથી જ્યારે અણગાર વ્રતીને અનુમોદનાના પણ પચ્ચખાણ હોય છે.

(૪) અગારી વ્રતી ઉત્કૃષ્ટ રીતે દેશ વિરતિ ધર્મ પાળે તો પણ તે વધુમાં વધુ બારમા દેવલોક સુધી જાય છે જ્યારે અણગાર વ્રતી ઉત્કૃષ્ટ ચારિત્ર પાળતા અનુત્તર અને મોક્ષ સુધી પણ જઈ શકે છે.

(૫) અગારી ગૃહી દેશ વિરતિધર હોવાથી તેમને સંયમાસંયમી કહ્યા છે. વ્યવહાર ભાષામાં કહીએ તો તેઓ કુછ-કુછ બંનેમાં પગ રાખનાર કહેવાય છે, જ્યારે સર્વ વિરતિધર સંયમી જ હોવાથી સંપૂર્ણપણે વિષય તૃષ્ણાના ત્યાગી કહેવાય છે.

(૬) સમોવસરણમાં બિરાજમાન પરમાત્મા સર્વ પ્રથમ દેશના અણગાર ધર્મની જ આપે છે ત્યાર પછી જેઓ અણગાર ધર્મ પાળવા અસમર્થ હોય તેમને માટે જ અગાર ધર્મની દેશના આપે છે.

અણુવ્રતોઽગારી ૭-૧૫

અણુવ્રત: અગારી ૭-૧૫

સૂત્રાર્થ: અણુવ્રતવાળા જીવો અગારી કહેવાય છે.

ભાવાર્થ: ગૃહી જીવોમાં બે ભેદોમાંથી જે અગારી છે તેઓનું વિરતિ પરિણામ અંશથી શરૂ થાય છે. મુનિ મહાત્માઓની અપેક્ષાએ જેમના વ્રતો અણુ જેવા નાના - અલ્પ છે તે અણુવ્રતવાળા કહેવાય છે. તેઓ ઘરવાળા હોવાથી તેમને પરિવાર અને ધનનો સંગ્રહ પણ છે તથા ઘર વ્યવસાય અને ધંધાનો વ્યવસાય હોવાથી હિંસા, જૂઠ, સ્તેય આદિ પાપો સર્વથા ત્યજી શકતા નથી અલ્પમાત્રામાં જ ત્યજે છે તેથી તેમના વ્રતોને અણુવ્રત કહેવાય છે. કુલ બાર વ્રતો છે. પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો. ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો, પાંચ અણુવ્રતોની રક્ષા કરનારા, પુષ્ટિ કરનારા છે.